# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-02-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ

શ્રીમતી રેખા ગુપ્તા આજે નવી દિલ્હીના પ્રતિષ્ઠિત રામલીલા મેદાનમાં દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ગઈકાલે દિલ્હી ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં નેતા તરીકે ચૂંટાયા બાદ, તેઓ રાજ નિવાસ ખાતે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને મળ્યા અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો.

આજે બપોરે 12.35 મિનિટે ઉપ રાજ્યપાલ રેખા ગુપ્તાને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે. શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ પણ હાજરી આપી શકે છે. આ કાર્યક્રમમાં લગભગ 20 રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. રેખા ગુપ્તા દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાલીમાર બાગ બેઠક પરથી જીત્યા છે. તેમણે ૧૯૯૨માં દિલ્હી યુનિવર્સિટીના દૌલત રામ કોલેજથી એબીવીપી સાથે પોતાની રાજકીય સફર શરૂ કરી હતી. તે દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના પ્રમુખ બન્યા હતા. રેખા ગુપ્તા દિલ્હીમાં ભાજપ મહિલા મોરચાના મહાસચિવ પણ રહી ચૂક્યા છે.

-----------------------------------------------------------------------------------------

## વિધાનસભાનું અંદાજપત્ર સત્ર:

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી ગઈકાલથી પ્રારંભ થયો હતો. શ્રી દેવવ્રતે જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે રાજ્યના વિકાસમાં આયોજન અને કાર્યક્રમોમાં ‘GYAN’ એટલે કે ગરીબ, યુવા,

અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ અને ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરાયો હતો.

ગુજરાત વિધાન સભાનાં સત્રના આજે બીજા દિવસે  નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ 2025-26નાં વર્ષનું અંદાજ પત્ર રજૂ કરશે. તેઓ સતત ચોથી વખત અંદાજ પત્ર રજૂ કરશે. રાજ્યમાં સૌથી વધુ વખત બજેટ રજૂ કરવાનો વિક્રમ નાણાંમંત્રી વજુભાઈ વાળાને  ફાળે જાય છે. તેમણે 18 વખત બજેટ રજૂ કર્યું હતું. એ પછી નીતિન પટેલ આઠ વખત રજૂ કરનારા બીજા નાણામંત્રી બન્યા હતા.

---

## આશ્રમ શાળાઓમાં RTE :

આશ્રમ શાળાઓમાં RTE નિયમોના અમલ માટે 851 જ્ઞાન સહાયકોની ભરતી કરાશે તેમ સરકારે હાઇકોર્ટ સમક્ષ કહ્યું હતું. સરકારે એમ પણ કહ્યું હતું કે આ જ્ઞાનસહાયકોને નોકરીમાંથી કાઢવામાં આવશે નહીં.

ગુજરાત હાઇકોર્ટમાં આશ્રમ શાળાઓને લગતી અરજી ઉપર મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલ અને ન્યાયાધીશ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ સુનાવણી ચાલી રહી છે. જેમાં અગાઉ સરકારી વકીલે  અદાલતને જણાવ્યું કે આ અંગે રાજ્ય સરકારે રચાયેલી કમિટીએ આશ્રમ શાળાઓનાં પુનઃરચના અંગે સરકારને અભિપ્રાય આપ્યો હતો. આશ્રમ શાળાઓમાં પણ કોર્ટના નિર્દેશ મુજબ રાઈટ ટુ એજ્યુકેશનની જોગવાઈઓ મુજબ જ શિક્ષણ અને સુવિધાઓ આપવામાં આવશે. આ માટે સરકારે ગ્રાન્ટ પણ જાહેર કરી છે.

---

## ICC ચેમ્પિયન ટ્રોફી:

રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમ આજે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આઠ ટોચની વન-ડે ટીમો ધરાવતી આ ટુર્નામેન્ટ પાકિસ્તાન અને UAEમાં રમાશે. ફાઇનલ આવતા મહિનાની 9 મી તારીખે રમાશે. ગ્રુપ Aમાં ન્યુઝીલેન્ડ, ભારત, બાંગ્લાદેશ અને યજમાન પાકિસ્તાન છે. ગ્રુપ Bમાં અફઘાનિસ્તાન,

ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. પાકિસ્તાને 2017માં ફાઇનલમાં ભારતને હરાવીને ક્રિકેટ ટ્રોફીની છેલ્લી આવૃત્તિ જીતી હતી.

---

## હવામાન:

જિલ્લામાં બે દિવસથી ધૂંધળા વાતાવરણ વચ્ચે ગઈકાલે નખત્રાણા તાલુકાના કેટલાક ગામોમાં કમોસમી છાંટા પડતાં ખેડૂતોમાં ઉચાટ ફેલાયો હતો. ગઇકાલે આવેલા વાતાવરણમાં પલટાથી કેટલાક પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરાઇ છે. વિરાણી પંથકમાં પણ ગઇકાલે અમીછાંટણા પડયા હતા. ગઇકાલે લખપત અને નખત્રાણા તાલુકામાં સવારના સમયે ધુમ્મસભર્યા વાતાવરણથી રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ભુજમાં મહત્તમ તાપમાન 34.6, કંડલા પોર્ટમાં 34.2 અને નલિયામાં 31.5 ડિગ્રી તાપમાન હવામાન કચેરીમાં નોંધાતા ઉનાળાના પ્રભાવની અસર જોવા મળી હતી. નલિયાને બાદ કરતાં બાકીના ત્રણેય મથકમાં લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી વધુ નોંધાતાં ઠંડી ગાયબ જોવા મળી હતી.

---

## કચ્છ સંગ્રહાલયમાં પ્રદર્શન:

કચ્છ સંગ્રહાલય દ્વારા ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય યોગદાન આપનાર અને રાષ્ટ્રીય શાયરનું ઝવેરચંદ મેઘાણીજીના ગદ્ય અને પદ્ય પર આધારિત પ્રાસંગિક ચિત્ર નિરુપણ માટે આહવાન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ભાગ લેનારા સ્પર્ધકોની  કૃતિઓનું પ્રદર્શન તા. 28મી ફેબ્રુઆરી થી 2જી માર્ચ-2025 સુધી સવારે 10.30 કલાકથી સાંજે 5:30 સુધી આ પ્રદર્શન નિ:શુલ્ક નિહાળી શકાશે એવું ક્યુરેટરની એક  યાદીમાં જણાવાયું છે.

---